



# ગાંધીનગરના ભાવિન પટેલ દ્વારા પ્રધાનમંત્રી સમક્ષ શાનદાર સાંસ્કૃતિક પ્રસ્તુતિ

ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કચ્છ ખાતે રીન્યુએબલ એનર્જી પાર્કના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત ટુરીઝમ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ 'મૂંજી માતૃભૂમિ કે નમનહ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત અને કચ્છની સાંસ્કૃતિક અસ્મિતાનો પરિચય આપતો ભવ્ય શાનદાર કાર્યક્રમ ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્ર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતના સ્વનામધન્ય ખ્યાતનામ કલાકારો સર્વ શ્રી ઓસમાણ મીર અને ગીતા રબારી દ્વારા ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિના ઓળખ સમા લોકગીતો અને ગરબાની રંગભર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ લોકગીતોના તાલ પર પનઘટના કલાકારોએ લાઈવ પ્રસ્તુતિ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમમાં વૈવિધ્યસભર નૃત્યની પ્રસ્તુતિ નમ્રતાબેન-નડિયાદ, નુપુર ડાન્સ એકેડમી- વૈશાલીબેન-ભુજ, લાખા મારવાડા ગ્રુપ- ભુજ, કલાપથ- ભાવનગર અને કાળાતળાવ ભાવનગરના કલાકારો દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સ-રસ સંચાલન પ્રો. માર્ગી હાથીએ કર્યુ હતું. શ્રી ભાવિન પટેલના નૃત્ય નિર્દેશનમાં આખોય કાર્યક્રમ ભવ્યતા અને દિવ્યતાથી દીપી ઉઠયો હતો. સમગ્ર નિર્દેશન શ્રી કુશલ દીક્ષિતે અદ્ભુત રીતે કર્યુ હતું. સમગ્ર શોના સંયોજક તરીકે હર્ષ ઓઝા, ફાલ્ગુનીબેન અને આશુતોષ રાવલ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી શ્રી મોદીએ મંચ પર જઈ કલાકારોને અભિનંદન આપી, પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. ગુજરાત ટુરીઝમ દ્વારા સર્વે કલાકારોને અભિનંદન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# પ્રધાનમંત્રી મોદી ફેબ્રુઆરીમાં ગુજરાત આવે તેવી શક્યતા

## ફેબ્રુઆરીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવાની છે : સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રવાસ ભાજપ માટે ફાયદાકારક સાબિત થશે

ગાંધીનગર,તા.૧૬

ગુજરાતમાં આગામી ફેબ્રુઆરી મહિનામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવાની છે. ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજવા જઈ રહી છે. આ વચ્ચે સૂત્રો તરફથી એવા સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે કે વડાપ્રધાન મોદી ડિસેમ્બર બાદ ફરી જાન્યુઆરી માસમાં ગુજરાત પ્રવાસ આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૫ની સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન રાજ્યમાં ચાલી રહેલા આંદોલનના પરિણામે ભારતીય જનતા પાર્ટીને માઠા પરિણામ ભોગવવા પડ્યા હતા. આ જ પરિણામોના કારણે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી એવા આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. ૨૦૧૫ની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં રકાસ બાદ વર્ષે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓમાં પણ છેલ્લા બે દશકાથી પ્રદેશમાં રાજ કરતી ભારતીય જનતા પાર્ટી ૯૯ બેઠક પર આવીને અટકી ગઈ હતી. વર્ષે ૨૦૨૨ની વિધાનસભાની પૂર્વે તૈયારીના ભાગરૂપે જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં તમામ બેઠકો પર જીત મેળવાનો પ્લાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે ઘડી દીધો છે. હવે વડાપ્રધાન પણ આવતા મહિને ફરી ગુજરાત પ્રવાસ પર આવી ભાજપની પરંપરાગત વૉટબેંક



એવા પાટીદાર સમાજની સંસ્થા 'સરદાર ધામ'ના નવ નિર્મિત બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કરવાના છે. સરદાર ધામ દ્વારા આગામી જાન્યુઆરી માસના બીજા સપ્તાહનો સમય માંગવામાં આવ્યો છે. આ જ રીતે રાજકોટ શહેરને એમ્સ તો આપી દીધી છે પરંતુ તેનું ભૂમિપૂજન હજુ સુધી નથી થયું. આથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં રાજકોટ એમ્સનું ભૂમિપૂજન કરવામાં આવશે. આ રીતે પીએમ મોદીનો પ્રવાસ કચ્છ-સૌરાષ્ટ્રના ૮ જિલ્લા અને ઉત્તર ગુજરાતના ૮ જિલ્લાને અસર કરવાનો છે. જેના પરિણામે વર્ષે ૨૦૧૫માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જે વિસ્તારોમાં કૉંગ્રેસ મજબૂત થઈ હતી તે નબળી થશે અને ભારતીય જનતા પાર્ટીને તેનો સીધો લાભ મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરી માસના ગુજરાત પ્રવાસ દરમિયાન સરદાર ધામ અને એમ્સ ઉપરાંત અન્ય વિકાસલક્ષી પ્રોજેકટનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરવાના છે. આ તમામનો સીધો ફાયદો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં થશે.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૧૧૬૦ કેસ નોંધાયો

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૧૬૦ નવા કેસ નોંધાયા છે. સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદમાં કેસમાં ઘટાડો આવ્યો છે. ત્યારે આજે શહેરમાં ૨૩૦ અને જિલ્લામાં ૦૯ કેસ નોંધાયા છે. રાજ્યમાં વધુ ૧૦ દર્દીનાં નિધન થતા કોરોનાની કાતિલ રફતાર જોવા મળી છે. રાજ્યમાં અત્યારસુધીમાં કોવિડના કારણે કુલ ૨,૩૧,૦૭૩ દર્દીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. આ સાથે જ અમદાવાદમાં કુલ કેસનો આંકડો ૫૫૦૦૦ને પાર થઈ ગયો છે. દરમિયાન રાજ્યમાં ૨૪ કલાકમાં સુરતમાં ૧૬૯, વડોદરામાં ૧૪૯, રાજકોટમાં ૧૩૧, બનાસકાંઠામાં ૩૩, ગાંધીનગરમાં ૫૩, ખેડામાં ૩૨, પંચમહાલમાં ૩૧, જામનગરમાં ૩૪, ભાવનગરમાં ૨૫, જૂનાગઢમાં ૨૦, આણંદમાં ૨૦, સાબરકાંઠામાં ૧૯, અમરેલીમાં ૧૮, નર્મદામાં ૧૬, કચ્છમાં ૧૯, કેસ નોંધાયા છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ૧૫, દાહોદમાં ૧૨, મહીસાગરમાં ૧૨, મોરબીમાં ૧૧, ભરૂચમાં ૧૦, ગીરસોમનાથમાં ૧૦, પાટણમાં ૧૦, દેવભૂમિ દ્વારકામાં ૮, અરવલ્લી અને નવસારીમાં ૫-૫, તાપીમાં અને વલસાડમાં ૩-૩, પોરબંદરમાં ૨, બોટાદમાં ૧, છોટાઉદેપુરમાં ૧ કુલ મળીને ૧૧૬૦ કેસ નોંધવામાં આવ્યા છે. રાજ્યમાં હજુ ૧૨૬૪૭ દર્દીઓ એક્ટિવ દર્દી તરીકે સારવાર લઈ રહ્યા છે. રાજ્યમાં ૬૭ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧૨૫૮૦ દર્દીઓ સ્ટેબલ છે. અત્યારસુધીમાં કુલ ૨,૧૪,૨૨૩ દર્દીઓ સાજા થયા છે જ્યારે કુલ ૪૨૦૩ દર્દીઓનાં મૃત્યુ થયા છે. આજે રાજ્યમાં અમદાવાદમાં ૫, સુરતમાં ૨, અમરેલીમાં ૧, રાજકોટમાં ૧, વડોદરામાં ૧ મળીને કુલ ૧૦ દર્દીઓનાં મોત સરકકારી ચોપડે નોંધાયા છે, જ્યારે આજે રાજ્યમાં સૌથી વધુ દર્દી અમદાવાદ શહેરમાં ડિસ્ચાર્જ થયા છે. અમદાવાદ શહેરમાંથી ૨૨૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૨.૭૧ ટકાના દરે પહોંચ્યો છે. જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૪,૮૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં હાલમાં કોરોના કાબૂમાં હોવા છતાં પણ ૫.૩૨ લાખથ લોકો હોમ ક્વોરન્ટાઈન છે.

# ગુજરાતમાં કોંગ્રેસમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે

## ચાવડા-ધાનાણી બદલાઈ રહ્યા છે : પ્રદેશ પ્રમુખપદ માટે શક્તિસિંહ ગોહિલ, મોઢવાડિયા, જગદીશ ઠાકોરના નામમાંથી કોઈ એક પસંદગીની વકી

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં તાજેતરમાં આઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી તેમજ રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના કંગાળ દેખાવને લઈને હાઈકમાન્ડ નારાજ હતી અને આ હાર માટે પ્રભારી રાજીવ સાતવ પાસે રિપોર્ટ મંગાવ્યો હતો. સૂત્રોના મતે રાજીવ સાતવે તેનો રિપોર્ટ



કોંગ્રેસ હાઈકમાન્ડને મોકલી દીધો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અગાઉ મોટા ફેરફારનો ગંજીપો ચીપાવાની પ્રબળ શક્યતા છે. સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની આઠ બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના રકાસ બાદ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને નેતા વિપક્ષ પદેથી પરેશ ધાનાણીએ રાજીનામું આપી દીધું હતું.

પ્રદેશ કોંગ્રેસના નવા પ્રમુખની પસંદગી માટે ત્રણ સભ્યોની પેનલ બનાવવામાં આવી છે. કોંગ્રેસના આંતરિક વર્તુળોના મતે પ્રદેશ પ્રમુખ પદ માટે શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા અને જગદીશ ઠાકોરના નામમાંથી કોઈ એક નામની પસંદગી કરવામાં આવી શકે છે. સ્થાનિક સ્વારજની ચૂંટણી અગાઉ જ કોંગ્રેસના બે મોટા નેતાઓના રાજીનામાથી આંતરિક ડખો બહાર આવ્યો છે. કોંગ્રેસમાં નેતાઓ વચ્ચે તાલમેલ અને સંકલનનો અભાવ હોવાથી ચૂંટણીમાં સારો દેખાવ નથી થઈ શકતો તેવું કોંગ્રેસના જ નેતાઓનું માનવું છે.

## સલામી આપી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૭૧ના યુદ્ધ સ્થળોની માટીને નવી દિલ્હીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં લાવવામાં આવશે. નોંધનીય છે કે ૧૬ ડિસમ્બર ભારતમાં વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પાકિસ્તાનની વિરુદ્ધ ૧૯૭૧માં ભારતને જીત મળી હતી અને એક દેશના રૂપમાં બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યો હતો. રક્ષા મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સમર સ્મારક પર રાત-દિવસ પ્રજ્વલિત રહેનારી જ્યોતિથી વિજય મશાલ પ્રજ્વલિત કરશે.વિજય દિવસના પ્રસંગે કેન્દ્રીય ગૃહ મત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી. ગૃહ મંત્રી અમિત શાહે ટ્વીટ કર્યુ કે, ૧૯૭૧માં આજના જ દિવસે ભારતીય સેનાએ પોતાના અદમ્ય સાહસ અને પરાક્રમથી માનવીય સ્વાતંત્રતાના સાર્વભૌમિક મૂલ્યોની રક્ષા કરતાં વિશ્વ માનચિત્ર પર એક ઐતિહાસિક પરિવર્તન કર્યું. ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરોથી અંકિત આ શૌર્યગાથા દરેક ભારતીયને ગૌરવ અપાવતી રહેશે. વિજય દિવસની શુભકામનાઓ. બીજી તરફ, વડાપ્રધાન મોદી ૧૭ ડિસેમ્બરે બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીના સાથે ડિજિટલ માધ્યમથી શિખર મંત્રણા કરશે.

# ઉત્તર પૂર્વીય પવનોને લીધે રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું

અમદાવાદ, તા. ૧૬

ઠંડી તેના મધ્ય તબક્કામાં પહોંચી છે પરંતુ હજુ જોરદાર ઠંડીનો ચમકારો વર્તાયો નથી. ત્યારે રાજ્યતમાં છેલ્લા ઘણા સમયથી દિવસે સામાન્ય ગરમી જ્યારે રાત્રે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ બે દિવસથી ઉત્તર પૂર્વિય પવનને કારણે ઠંડીમાં ફરી વધારો થયો છે. આજે નલિયાનું લઘુતમ તાપમાન ઘટી ૮ ડિગ્રી પહોંચી જતા નલિયાવાસીઓ ઠુંઠવાઈ ગયા હતા. આ ઉપરાંત અમદાવાદનું લઘુતમ તાપમાન ઘટી ૧૬.૨ ડિગ્રીએ પહોંચી જતા વહેલી પરોઢે જોરદાર ઠંડી વર્તાઈ હતી. ત્યારે આગામી દિવસોમાં હજુ ઠંડી વધવાની શક્યતા હવામાન વિભાગ સેવી રહ્યું છે.

સમગ્ર રાજ્યમાં છેલ્લા બે દિવસથી ઉત્તર પૂર્વય પવન ફૂંકાતા દિવસ અને રાત્રીનું તાપમાન સતત ઘટી રહ્યું છે જેના કારણે ઠંડી વધી હતી. વહેલી પરોઢથી જ સમગ્ર રાજયમાં ફૂંકાયેલા ઠંડા અને સુકા પવનને કારણે મોડી રાત્રીથી વહેલી પરોઢ સુધી કાતિલ ઠંડીનો અહેસાસ થયો હતો. ત્યારે ગુજરાતમાં ત્રણ દિવસ દરમિયાન ખાસ કરીને રાત્રીના સમયે ઠંડીનો ચમકારો વધે તેવી શક્યતા છે. બીજી તરફ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારામાં જોરદાર ઠંડી પડે તેવી શક્યતાઓ છે અને કેટલાક ભાગોમાં લઘુતમ તાપમાનનો પારો ૫ ડિગ્રીની નીચે સરકી જાય તેવી પણ વકી છે. જ્યારે આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીની આસ-પાસ રહેશે. આજે રાજયના વિવિધ શહેરના લઘુત્તામ તાપમાન ૧૪ ડિગ્રીની આસ-પાસ રહેતા મોડી રાત્રીથી વહેલી પરોઢ સુધી ફુલગુલાબી ઠંડીનો માહોલ જોવા મળ્યો હતો. આજે અમદાવાદ ૧૬.૨, ડીસા ૧૨.૬ , વડોદરા ૧૬.૪, પોરબંદર ૧૩, નલિયા ૮ , સુરત ૧૭.૨, વલસાડ ૧૩, રાજકોટ ૧૦.૪, ભૂજ ૧૦.૪ ડિ.સે., ભાવનગર ૧૫, ગાંધીનગર ૧૫, અને કંડલા એરપોર્ટ પર લઘુત્તમ તાપમાનનો પારો ૧૨.૩ ડિગ્રી પર સ્થિર રહ્યું હતું.

## બીયુ પરમિશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે તંત્રએ મુસ્સુદીથી આ નિર્ણય કર્યો છે તેનો વિગતે જવાબ આપની કક્ષાએથી મળે તે ઈચ્છનીય છે.

તેમણે તેમના પત્રમાં ૭-૧૨-૨૦ના પત્રનો ઉલ્લેખ કર્યો છે અને ઓફિસમાં જઈ પ્રત્યુત્તર માટે પુછતાં સોમવાર સુધીમાં જવાબ મળી જશે તેમ કહેવાયુ હતુ. આજે ૭મીના પત્ર પછી મેં ૧૬મીએ આ પત્ર લખ્યો છે અર્થાત્ એક સપ્તાહની સમયમર્યાદા બહાર આ પત્ર લખી પુનઃ ગેરકાયદેસર બાંધકામો સામે સખ્ત કાર્યવાહી તંત્ર દ્વારા કરો અને મનઘડત નિયમોનું અર્થઘટન ના કરો તે જરૂરી છે.

## ડીડીઓની તાકીદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈ.ગ્રામ્ સમીક્ષા કરતાં બિઝનેશ ટુ સીટીઝન અંગે જે ગામો એક્ટીવ નથી તે તમામ ગામોમાં આ કામગીરી ઝડપથી શરૂ થાય તે જોવા માટે પણ સૂચના આપી હતી. તેમણે સરકાર કક્ષાએથી આવેલી રજુઆતો સંદર્ભે જે પગલાંઓ લેવાના થતા હોય તે પણ તાત્કાલિક લેવા ઉપરાંત ચૂંટાયેલા પ્રતિનિધિઓને સમય-મર્યાદામાં તેમની રજુઆતોના પ્રત્યુત્તર મળે તે જોવા જણાવ્યુ હતુ.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી જી.બી. વદર, સુશ્રી મનિષાબેન પટેલ તથા તાલુકા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે ગામોની આકારણી બાકી હોય તે તાત્કાલિક કરવા માટેની સૂચના પણ આપવામાં આવી હતી તેમજ વેરા વસુલાત આયોજનબદ્ધ રીતે કરવામાં આવે તેમજ ઓછી વસુલાત કરનારાઓ સામે પગલાં લેવામાં આવે તેવુ સુશ્રી દુહાને જણાવ્યુ હતુ.

## સમારકામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગ સુધારણા અને વરસાદી પાણીની લાઈનના ખોદકામ બાદ ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા પડયા છે. જયારે સેકટરોમાં અવરજવર માટે ટુંકા રસ્તાઓ શોધવા માટે પણ ફુટપાથ પર ઠેર ઠેર ખાડા કરવામાં આવ્યા છે. બીજીતરફ જાળવણીના અભાવે ફુટપાથની ટાઈલ્સો પણ ઉખડેલી જોવા મળે છે. ફુટપાથના રીપેરીંગનુ કામ પણ લાંબા સમયથી હાથ ધરવામાં આવતુ નથી. શહેરમાં અંદાજિત ૧૦૦ કીમીનુ ફુટપાથનુ નેટવર્ક છે. જયારે ફુટપાથના નિર્માણ પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ નગરના માર્ગો આસપાસ કેટલાક ઠેકાણે ફુટપાથની કામગીરીમાં શરૂઆતથી જ ગુણવત્તા જળવાઈ નથી જેના પરિણામે ટુંકા સમયગાળામાં જ ફુટપાથની ટાઈલ્સો તુટીને વેરણ થયેલી જોવા મળે છે. નગરના ગ માર્ગ પર ફુટપાથની ટાઈલ્સો જાણે મુકી દેવાઈ હોય તેવી સ્થિતિ છે. વોકીંગ કરો ત્યારે પણ ટાઈલ્સ ખખડવાનો અવાજ આવે છે. જયારે સેકટરોમાં પણ વરસાદી પાણીની લાઈનનુ ખોદકામ કરવામાં આવ્યા બાદ ફુટપાથની દશા બેઠી છે. ફુટપાથ નીચે લાઈન નાંખવા માટે ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદી દિવસોમાં બેસી પડેલી ફુટપાથ પર હાલ પણ મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા ફુટપાથનુ સમારકામ હાથ ધરવામા માટે આયોજન કરાયુ છે. કોર્પોરેશનના વાંકે તુટેલી ફુટપાથનુ મહાનગરપાલિકા કક્ષાએ કામગીરી પુર્ણ કરવામાં આવશે. જયારે સેકટરોના એપ્રોચને અનુલક્ષી તંત્ર દ્વારા નવી ફુટપાથ પણ બનાવાનુ આયોજન કરાયુ છે. જયારે હાલ માર્ગ મકાન વિભાગ દ્વારા નગરની ફુટપાથના ગાબડા પુરવા માટે સમારકામ શરૂ કરી દેવાયુ છે. નગરના ચ માર્ગ પર ફુટપાથનુ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે તબક્કાવાર અન્ય માર્ગો પર પણ ફુટપાથનુ સમારકામ હાથ ધરવામાં આવશે.

## હડતાળ પર ખેંચી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેથી હડતાળ પાડવી વ્યાજબી અને યોગ્ય નથી,જે પણ મુદ્દાઓ હોય તે અંગે વાટાઘાટો થકી યોગ્ય નિર્ણય થઈ શકે છે તેથી હડતાળ પાછી ખેંચવા લાગણી વ્યક્ત કરી હતી. તેને ધ્યાને લઈ તબીબી પ્રતિનિધિઓએ તેમની રીતે કરેલી ચર્ચા બાદ સર્વ સંમતિથી હડતાળ બિનશરતી રીતે પાછી ખેંચવાનો નિર્ણય લઈ મિડીયા સમક્ષ જાહેરાત કરીને આ હડતાળમાં જોડાયેલા તબીબોને પુનઃફરજ પર જોડાવા અપીલ કરી છે. આ બેઠકમાં વડોદરાના ડોક્ટર અને પ્રોફેસર શ્રી વિજયભાઈ શાહ ઉપસ્થિતિ રહ્યા હતા.

## ખાંડની નિકાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રકાશ જાવડેકરના જણાવ્યા પ્રમાણે પૂર્વોત્તરમાં વિજળી વ્યવસ્થામાં સુધાર લાવવા માટે

નવા બજેટને મંજૂરી આપવામાં આવી છે. પહેલા સરકાર તેના પર ૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરતી હતી પરંતુ હવે તેમાં વધારો કરીને ૬૭૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે. આમ કરવાથી એક ટ્રાંસમિશન લાઈનને પ્રોત્સાહન મળશે અને ૨૪ કલાક વિજળીના લક્ષ્યને પણ પુરૂ કરી શકાશે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સરકાર તરફથી સ્પેક્ટરમની હેરાજી કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ટિકિટ અડધા ભાવે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત ભરમાં મુસાફરી કરી શકાશે. ટીકિટ મેળવ્યા પછી ૧ વર્ષ સુધીમાં મુસાફરી કરી શકાશે. સાત દિવસ પહેલા ટીકિટ બુક કરાવવાની રહેશે. એર ઈન્ડિયાએ આ યોજના પહેલા પણ જાહેર કરી હતી. જો કે હવે મંત્રાલયે આની મંજૂરીની મહોર લગાવી દીધી છે.

એર ઈન્ડિયાને સરકાર પ્રાઈવેટ હાથોમાં આપવાનો પ્રયત્ન કરી રહી છે. હાલમાં જાણકારી આપવામાં આવી છે કે ટાટા ગ્રુપ એક વાર ફરીથી એર ઈન્ડિયાનુ સંચાલન કરી શકે છે. ટાટા સમુહે એર એશિયા ઈન્ડિયા દ્વારા ઈઓઆઈ દાખલ કર્યુ છે.

## સમિતિ બનવે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થી અને અન્ય બે લોકો દ્વારા કરવામાં આવેલી અરજીના પગલે સુપ્રીમ કોર્ટે આ સુનાવણી હાથ ધરી છે. ખેડૂતોના આંદોલનનો પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. ચીફ જસ્ટિસ બોબડે, જસ્ટિસ એ.એસ. બોપન્ના અને જસ્ટિસ વી. રામસુબ્રમણ્યમની બેન્ચે આ મામલા પર કેન્દ્ર સરકાર, પંજાબ અને હરિયાણાની સરકારોને નોટિસ પાઠવી છે. સાથોસાથ સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આ મામલા પર એક કમિટીની રચના કરવામાં આવશે, જે આ મુદ્દાને ઉકેલશે કારણ કે રાષ્ટ્રીય મુદ્દો સહમતિથી ઉકેલવો જરૂરી છે. હવે આ કેસની આગામી સુનાવણી કાલે થશે. કોર્ટે સરકાર અને ખેડૂતોના પ્રતિનિધિઓની એક કમિટી બનાવવાનું કહ્યું છે, જેથી કરીને બંને પરસ્પર મુદ્દા પર ચર્ચા કરી શકે. કોર્ટે કહ્યું હતું કે, રાષ્ટ્રીય મુદ્દા પર સહમતિથી ઉકેલ આવે તે જરૂરી છે. હવે આ મામલે આવતી કાલે સુનાવણી થશે. સુનાવણી દરમિયાન કેન્દ્ર તરફથી સુપ્રીમ કોર્ટને આશ્વાસન આપવામાં આવ્યું છે કે, સરકાર એવું કોઈ પગલું નહીં લે જેના કારણે ખેડૂતોના હિતને નુકસાન પહોંચે.

સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર, પંજાબ અને હરિયાણાની સરકારોને નોટિસ પાઠવી છે. ચીફ જસ્ટિસ એસએ બોબડે, જસ્ટિસ એ એસ બોપન્ના અને જસ્ટિસ વી રામસુબ્રમણ્યમની બેન્ચે કહ્યું હતું કે, અમે આ મામલે એક કમિટીની રચના કરીશું જે આ સમસ્યાનો ઉકેલ લાવશે. તેમાં ખેડૂત સંગઠન, કેન્દ્ર સરકાર અને અન્ય લોકો હશે. કોર્ટે કહ્યુંહતુંકે, એવુંલાગી રહ્યુંછે કે, સરકાર અને ખેડૂતો વચ્ચે વાતચીતથી હાલ ઉકેલ આવતો જોવા મળી રહ્યો નથી.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
જાહેરાત નંબર : એબી/ટીસી/૧૦, સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈડી નં. ૪૩૯૩૨૦

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬ ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી 'Providing cleaning services, mechanized environmental support services (up keeping) Supplying skilled / unskilled Manpower & other Materials for Gujarat Jalseva Training Institute, GWSSB, Sec-15, Gandhinagar for the year og 2021-22' ના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદાર ટેન્ડરની ફરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. જે કામની અંદાજીત કિંમત રૂ. ૧૭.૫૧ લાખ, ટેન્ડર ફી રૂ. ૯૦૦/-, બાનાની રકમ રૂ. ૧૭૫૨૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૩૦/૧૨/૨૦૨૦ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.
માહિતી/૧૫૦૪/૨૦-૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ**
**જાહેર નિવિદા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ખાતે NEC SV 8100L ની EPABX સીસ્ટમના વાર્ષિક મરામત અને નિભાવણીના કામ માટેનું ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૧૦૨૦૦૦/- છે. આ પ્રકારની કામગીરી કરેલ હશે તેવી એજન્સી પાસેથી ટેન્ડર ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી ૬૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૨૮/૧૨/૨૦૨૦ સુધીમાં ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મરામત અને નિભાવણી શાખા, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, 'જલસેવા ભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૮/૧/૨૦૨૧ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.
માહિતી/૧૫૦૦/૨૦-૨૧

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
જાહેર નિવિદા નં.૦૬ (સુધારો) સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ વિભાગ ન.૧, સહયોગ સંકુલ, વિંગ - એ, છઠ્ઠો માળ, પથિકાશ્રમ ની બાજુ મા, સેકટર૧૧ , ગાધીનગર, પીન.ન. ૩૮૨૦૧૧. તરફથી કામના નામ :- Disinfecting treatment work at Narmada Water Resource Water supply & Kalpsar Vibhag Block No.9, New Sachivalay, Gandhinagar. અંદાજીત કિમત રૂ.૧૩.૬૩ લાખ ઉપરોક્ત કામોના ટેન્ડર ઈ-૨ અને ઉપરની શ્રેણીમા નોંધાયેલ ઈજારદારો પાસેથી માગવામા આવે છે. સદર ટેન્ડરની સેક્શન-૬ માં પ્રિ-ક્વોલીફીકેશન ઈન્ફોર્મેશનની શરત ન.૮ મા કોરીજેન્ડમ મુજબ સુધારો કરવામાં આવે છે. તેમજ ટેન્ડરો ભરવાની તા.૧૧/૧૨/૨૦૨૦ થી તા.૨૭/૧૨/૨૦૨૦, ૧૮.૦૦ કલાક સુધીની હતી. જેમાં વહીવટી કારણોસર ફેરફાર થતા ઓનલાઈન ટેન્ડર ની આખરી તારીખ ૨૮/૧૨/૨૦૨૦ની કરવામા આવે છે. જ્યારે ભાવો ભરેલા ટેન્ડરો આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા.૧/૧/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી છે. તથા ટેન્ડરો ખોલવાની તા.૧/૧/૨૦૨૧, ૧૭.૦૦ કલાક છે. જેની વિગતવાર માહિતી www.nprocure.com એથી મળી શકશે.
માહિતી/૧૫૦૬/૨૦-૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેર નિવિદા નં: ૧૧ સને ૨૦૨૦-૨૪

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર (મો.૯૯૭૮૪૦૬૮૧૯), (ફોન નં: ૦૨૭૭૨૨-૨૪૬૪૨૬) દ્વારા તલોદ/ખેડબ્રહ્મા/હિંમતનગર પેટા વિભાગીય કચેરી હસ્તકના (૧) મોઢુકા તા:તલોદ મુકામે ૧૦,૦૦૦ લી. ક્ષમતાની ૫.૦ મી.ઉચી ટાંકી તેમજ પાઈપ લાઈનના માટેની કામગીરી (૨) ગુદીખાણ(હળદર ફળયુ) તા : પોશીના ગામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની જી.એલ.સી.સી.૯૦/૬૩ મી.મી. વ્યાસની પીવીસી પાઈપ લાઈન, સ્ટેન્ડ પોસ્ટ્ અને હાઉસ કનેકશન માટેની કામગીરી (૩) રબારીવાસ (વિરેશ્વેર-ચાંપલપુર) તા : વિજયનગર ગામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની જી.એલ.સી.સી. ૯૦/૬૩ મી.મી. વ્યાસની પીવીસી પાઈપ લાઈન, સ્ટેન્ડ પોસ્ટ્ અને હાઉસ કનેકશન માટેની કામગીરી (૪) જીલ્લા પ્રયોગશાળા ૨ જલભવન હિમતનગર મુકામે રીનોવેશન માટેની કામગીરી (જેના ટેન્ડર આઈ.ડી.નં.(૧) ૪૩૯૧૮૨ (૨) ૪૩૯૧૭૨ (૩) ૪૩૯૧૬૭ (૪) ૪૩૧૯૬૩ છે. કોન્ટ્રાકટર માટેની પાત્રતા ઈ.૨ વર્ગ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજુ કરવાની છેલ્લી તારીખ : ૩૧/૧૨/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ સાઈટ www.gwssb.org, http//www.gwssb.nprocure.com, ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમ્યાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબ સાઈટ પર જોવા મળશે.
ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાંપીવાના પાણીની સમસ્યા અર્થેટોલ ફ્રી નંબર-૧૯૧૬ પર સંપર્ક કરવો.
નામાનિ/હિંમત/૪૦૨/૨૦૨૦